"ફોર્મ–૬"

(જુઓ નિયમ ૧૩(૧) અને ૨૬)

ફોર્મ નં.................

(કચેરી દ્વારા ભરવાનું)

ભારતનું ચૂંટણી પંચ
નવા મતદારો માટેનું અરજીપત્રક

સફેદ બેકગ્રાઉંડ સાથે આખો ચહેરો દર્શાવતો તાજેતરનો સહી કર્યા સિવાયનો પાસપોર્ટ સાઇઝનો ફોટો (૪.૫ × ૩.૫ સે.મી. સાઇઝ) ચોંટાડવાની જગ્યા

પ્રતિ,

મતદાર નોંધણી અધિકારી,

વિધાનસભા મતવિભાગનો નંબર ☐

વિધાનસભા મતવિભાગનું નામ ....

હું ઉપરોક્ત મતવિભાગ માટે મતદાર યાદીમાં મારું નામ દાખલ કરવા અરજી રજૂ કરુ છું.

(૧) (ક)	નામ અને પછી પિતા/પતિ/વાલીનું નામ : (ગુજરાતીમાં)		
	અટક (જો હોય તો) (ગુજરાતીમાં) :		
(૧) (ખ)	નામ અને પછી પિતા/પતિ/વાલીનું નામ: (અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં)		
	અટક (જો હોય તો):(અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં)		
	નોંધ: જો અંગ્રેજીમાં નામ લખેલ ન હોય તો સોફ્ટવેર દ્વારા તેનું લિપ્યાંતરણ કરવામાં આવશે.		
*(૨)(ક)	કોઈ એક સંબંધીનું નામ અને અટક (ગુજરાતીમાં) :		
	☐ પિતા અથવા ☐ માતા અથવા ☐ પતિ અથવા ☐ પત્ની અથવા ☐ અનાથના કિસ્સામાં કાયદેસર વાલી / ત્રીજી જાતિના કિસ્સામાં ગુરુ		
*(૨)(ખ)	ઉપર દર્શાવેલ સંબંધીનું નામ અને અટક (અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં)		
(૩)	અરજદારનો પોતાનો મોબાઈલ નં.(જો ઉપલબ્ધ હોય તો)		
	ઉપર દર્શાવેલ(૨) મુજબના સંબંધીનો મોબાઈલ નં.		
(૪)	અરજદારનું પોતાનું ઈમેઈલ આઈડી(જો ઉપલબ્ધ હોય તો)		
	ઉપર દર્શાવેલ (૨) મુજબના સંબંધીનું ઈમેઈલ આઈડી:		
(૫)	આધારકાર્ડની વિગતો:– (યોગ્ય ખાનામાં ખરાની નિશાની કરો)		
	(ક) ☐ આધાર નંબર : અથવા		
	(ખ) ☐ મારી પાસે આધાર નંબર નહીં હોવાથી હું મારો આધાર નંબર આપી શકું એમ નથી.		
(૬)	જાતિ	☐ પુરૂષ ☐ સ્ત્રી ☐ ત્રીજી જાતિ	
(૭)	(ક)	જન્મ તારીખ (dd/mm/yyyy) : / /	
	(ખ)	ઉંમરના પુરાવા માટે જરૂરી આધારપુરાવાની સ્વપ્રમાણિત નકલ જોડેલ છે. (નીચેનામાંથી કોઈ પણ એક)	
		(૧) *જન્મતારીખના પુરાવા માટેના દસ્તાવેજો*:– (આમાંથી કોઈ પણ એક)	
		૧. ☐ જન્મ પ્રમાણપત્ર (સક્ષમ સ્થાનિક સ્વરાજય સંસ્થા/નગરપાલિકા/મહાનગરપાલિકા/જન્મ–મૃત્યુ નોંધણી અધિકારી દ્વારા આપવામાં આવેલ)	
		૨. ☐ આધાર કાર્ડ ૩. ☐ પાનકાર્ડ ૪. ☐ ડ્રાઈવીંગ લાઈસન્સ	
		૫. ☐ CBSE/ICSE/રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ વર્ગ-૧૦ અથવા વર્ગ-૧૨નું પ્રમાણપત્ર, જો તેમાં જન્મ તારીખ હોય તો,	
		૬. ☐ ભારતીય પાસપોર્ટ	
		(૨) જન્મ તારીખ માટેના અન્ય દસ્તાવેજી પુરાવા : (ઉપરના પૈકી કોઈ દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો) (ઉલ્લેખ કરો)	

(૮)	(ક)	હાલનું સામાન્ય નિવાસનું સ્થળ (પૂરું સરનામું)	
		ઘર/મકાન/એપાર્ટમેંટ નં:	
		શેરી/વિસ્તાર/સ્થળ/મહોલ્લો/માર્ગ	
		નગર/ગામ	
		પોસ્ટ ઓફિસ	
		પીન કોડ	
		તાલુકો	
		જિલ્લો	
		રાજ્ય	
	(ખ)	અરજદારના પોતાના નામે અથવા તે જ સરનામા પર મતદાર તરીકે નોંધાયેલ માતા–પિતા/પતિ/પત્ની/પુખ્ત સંતાનમાંથી કોઇ એકના નામનો રહેઠાણનો સ્વપ્રમાણિત પુરાવો(કોઈ એક જોડવો)	
		(૧)	*રહેઠાણના પુરાવા માટેના દસ્તાવેજો :– (આમાંથી કોઈ પણ એક)*
			૧.☐ તે સરનામાનું પાણી/વીજળી/ગેસ જોડાણ બિલ (છેલ્લા ૧ વર્ષ દરમિયાનનું) ૨.☐ આધાર કાર્ડ
			૩.☐ રાષ્ટ્રીય બેંક/શીડ્યૂલ્ડ બેંક/પોસ્ટ ઓફિસની હાલની પાસબુક ૪.☐ ભારતીય પાસપોર્ટ
			૫.☐ મહેસૂલ વિભાગના જમીન માલિકીના હકક દર્શાવતા દસ્તાવેજ/ખેડુત પોથી
			૬.☐ રજિસ્ટર્ડ ભાડા કરાર (ભાડૂઆતના કિસ્સામાં) ☐ રજિસ્ટર્ડ વેચાણ ખત (પોતાની માલિકીના ઘરની બાબતમાં)
		(૨)	*રહેઠાણના પુરાવા માટેના અન્ય દસ્તાવેજો:–* (જો ઉપર દર્શાવેલ પૈકી કોઈ ઉપલબ્ધ ન હોય તો)(દર્શાવો) : ....
(૯)	અશકતતાની શ્રેણી (જો કોઇ હોય તો) (વૈકલ્પિક)	☐ હલનચલનની અશકતતા ☐ દ્દષ્ટિ ક્ષતિ ☐ મૂક–બધિર	
	જો અન્ય કંઈ હોય તો (વિગત દર્શાવવી)		
	અશકતતાની ટકાવારી: ☐% પ્રમાણપત્ર સામેલ છે. ☐ હા ☐ ના (યોગ્ય ખાનામાં ખરાની નિશાની કરો)		
(૧૦)	હું હાલ જેમની સાથે રહુ છું તે હાલના સરનામા ખાતે મારા કુટુંબના મતદારયાદીમાં નોંધાયેલ સભ્યનું નામ અને તેની વિગત નીચે મુજબ છે:		
	કુટુંબના સભ્યનું નામ:... અરજદાર સાથે સંબંધ..................................		
	તેનો/તેણીનો મતદાર ફોટો ઓળખ કાર્ડ(EPIC) નંબર :		

<u>એકરાર:</u> આથી હું જાહેર કરુ છું કે, મારી સંપૂર્ણ જાણ અને માન્યતા મુજબ

(૧) હું ભારતનો નાગરિક છું અને મારું જન્મ સ્થળ ....ગામ/નગર, ...જિલ્લો ....રાજ્ય/સંઘપ્રદેશ છે.

(૨) હું ફોર્મ ૬ માં ક્રમાંક નં.૮(ક)માં જણાવેલ સરનામે ....વર્ષ ....માસથી સામાન્ય રહેવાસી છું.

(૩) હું મતદાર યાદીમાં પ્રથમ વખત નામ દાખલ કરવા અરજી કરુ છું અને મારુ નામ આ અથવા અન્ય કોઈપણ વિધાનસભા મતવિભાગની મતદારયાદીમાં નોંધાયેલ નથી.

(૪) મારી પાસે જન્મ તારીખ/ઉંમરના પુરાવા માટે ઉપર (૭)(ખ)(૧)માં જણાવેલ કોઈ પણ દસ્તાવેજ નથી. તેથી, મેં ઉંમરના પુરાવા તરીકે....................................(દસ્તાવેજનું નામ) બીડેલ છે. (લાગુ ન પડતું હોય તો છેકી નાખવુ)

(૫) હું એ બાબત જાણું છે કે, આ અરજીના સંદર્ભમાં, જે ખોટું છે તેમ હું જાણતો હોઉં કે માનતો હોઉં અથવા સાચું છે તેમ ન માનતો હોઉં તેવું (ખોટું) નિવેદન કે (ખોટો) એકરાર કરવો તે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૧(૧૯૫૦ નો ૪૩) હેઠળ એક વર્ષ સુધી લંબાવી શકાય તેટલી મુદતની જેલ અથવા દંડ અથવા બંનેની શિક્ષાને પાત્ર છે.

તારીખ:..................................

સ્થળ : .... અરજદારની સહી/ડાબા હાથના અંગૂઠાનું

નિશાન

દિવ્યાંગજનો માટે સુગમતા અંગે સૂચનાઓ : દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારોના અધિનિયમ, ૨૦૧૬ અને દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો નિયમો,૨૦૧૭ અનુસાર, બૌધ્ધિક દિવ્યાંગતા, માનસિક દિવ્યાંગતા, લકવો અને બહુવિધ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓના કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિની સહી /ડાબા હાથના અંગૂઠાનું નિશાન અથવા દિવ્યાંગ વ્યક્તિના કાયદેસર વાલીની સહી / ડાબા હાથના અંગૂઠાનું નિશાન જરૂરી બનશે.

નોંધ:

* લગ્ન કરેલા હોય તેવી મહિલા અરજદારના કિસ્સામાં, પતિના નામને પ્રાધાન્ય આપી શકાય.

^ સૂચવેલા આધાર–પુરાવાઓની સ્વ પ્રમાણિત નકલ રજૂ કરવાથી ઝડપી સેવાઓ સુનિશ્ચિત થશે.

ઉપર જણાવેલા કોઈ પુરાવાઓ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં, ક્ષેત્રીય ચકાસણી જરૂરી છે. દા.ત. ઘરવિહોણા ભારતીય નાગરિકો કે જેઓ અન્યથા મતદાર થવા લાયક છે, પણ સામાન્ય રહીશ હોવાના કોઈ દસ્તાવેજી પુરાવાઓ ધરાવતા નથી તો મતદાર નોંધણી અધિકારીએ ક્ષેત્રીય ખરાઈ માટે અધિકારીની ચોકકસપણે નિયુક્તિ કરવાની રહેશે.

✂____✂

અરજી મળ્યાની પહોંચ/પાવતી

પહોંચ નં............................... તારીખ:.........................

શ્રી/શ્રીમતી/કુમારી...ની ફોર્મ–૬માં અરજી મળી છે.
(પહોંચ નંબરનો સંદર્ભ ટાંકી અરજદાર અરજીની સ્થિતિ ચકાસી શકે છે)

મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારી/
બુથ લેવલ અધિકારીનું નામ/સહી

ફોર્મ –૬ નું બિડાણ

(* અંકિત કરેલ વિગતો ફરજીયાત છે)

અરજી ફોર્મ –૬ ભરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ

૧. સામાન્ય સૂચનાઓ :–

(ક) અરજદાર જ્યાં સામાન્ય રીતે વસવાટ કરતા હોય એવા વિધાનસભા મતવિભાગના મતદાર નોંધણી અધિકારીને સંબોધીને અરજી કરવાની રહેશે. જો અરજદારને વિધાનસભા મતવિભાગનો નંબર અને નામની જાણ ન હોય અથવા તે અંગે કોઇ શંકા હોય તો, મતદાર નોંધણી અધિકારી તેને મદદ કરશે અને વિધાનસભા મતવિભાગનો નંબર અને નામનો ઉલ્લેખ ન કર્યો હોય માત્ર એ કારણસર અરજી રદ કરવામાં આવશે નહિ.

(ખ) અરજદાર અંગ્રેજી કે રાજ્યની સત્તાવાર ભાષામાં અરજીની વિગતો ભરી શકશે અને અરજી રદ કરવા માટેનું તે કારણ બનશે નહિ.

(ગ) કોઇ Peace Station ખાતે નિમણૂક થયેલ કોઇ ફૌજી કર્મચારી તેની નિમણૂકના સ્થળેથી સામાન્ય મતદાતા તરીકે મતદાર યાદીમાં નામ–નોંધણી માટે અરજી કરે તો તેણે એ સુનિશ્ચિત કરવું જોઇએ કે, ફૌજી મતદાતાની સામાન્ય મતદાતા તરીકે કોઇ અન્ય મતદાર વિભાગમાં નામ નોંધણી થઇ નથી.

*(ઘ) ફોટોગ્રાફ: ફોટોગ્રાફ લગાવવા માટે આપેલી જગ્યા પર હાલનો પાસપોર્ટ સાઇઝ (૪.૫ સે.મી. × ૩.૫ સે.મી.) નો સફેદ બેકગ્રાઉન્ડવાળો રંગીન ફોટો લગાવવાનો રહેશે. આંખો ખુલ્લી હોવી જોઇએ તથા ચહેરાની બન્ને બાજુ સ્પષ્ટપણે દેખાવી જોઇએ.

(ચ) મતદાર ફોટો ઓળખ પત્ર (EPIC):– સ્પીડ પોસ્ટ મારફત યોગ્ય રસીદ સાથે વિના મૂલ્યે અરજીમાં આપેલા સરનામે EPIC વિતરણ કરવામાં આવશે.

૨. મુદ્દો (૧) * (નામ) : સાચુ નામ અને જોડણી રાજ્યની સત્તાવાર ભાષા અને અંગ્રેજી બન્નેમાં દર્શાવવા. જો માત્ર એક જ ભાષામાં વિગતો દર્શાવી હશે તો સિસ્ટમ દ્વારા અન્ય ભાષામાં સ્વયં અનુવાદ થશે, જેનાથી જોડણીની ભૂલ થઇ શકે છે.

૩. મુદ્દો (૨ ક) અને (૨ ખ) (સગા–સંબંધીનું નામ અને અટક) : પરિણીત મહિલા અરજદારના કિસ્સામાં પતિના નામનો ઉલ્લેખ કરવો વધારે યોગ્ય છે. (કૉલમમાં લાગુ ન પડતા વિકલ્પો છેકી નાંખવા)

૪. મુદ્દો (૫) આધાર કાર્ડની વિગતો : નોંધાયેલ વિગતોના પ્રમાણીકરણ માટે આધાર નંબર રજૂ કરવાનો રહેશે. જો અરજદાર આધાર નંબર ધરાવતો/તી ન હોય તો મુદ્દા નં.૫ (ખ)માં આપેલ ખાનામાં તે અંગે ઉલ્લેખ કરી શકાશે.

૫. મુદ્દો (૬) (જાતિ) :
* (ક) 'પુરુષ' / 'મહિલા' / 'ત્રીજી જાતિ' માટે આપેલ ખાનામાં યોગ્ય જાતિ સ્પષ્ટ રીતે ટીક (અંકિત) કરવાની રહેશે.
(ખ) ત્રીજી જાતિના અરજદારો તેઓની જાતિ તરીકે 'પુરુષ' અથવા 'સ્ત્રી' અથવા 'ત્રીજી જાતિ' દર્શાવી શકશે.

૬. મુદ્દો ૭ (ક) (ખ) (જન્મ તારીખ) :
* (ક) ફોર્મમાં ઉલ્લેખ કરેલ દસ્તાવેજો પૈકી એકની સ્વયં પ્રમાણિત કરેલી એક નકલ ઉંમરના પુરાવા તરીકે જોડી શકાશે. ફોર્મમાં ઉલ્લેખ કરેલા દસ્તાવેજો રજૂ કરવાથી ઝડપી નોંધણી અને સેવાઓ સુનિશ્ચિત થશે.
(ખ) જો અરજદાર પાસે ફોર્મમાં ઉલ્લેખ કરેલા દસ્તાવેજો પૈકી એકપણ દસ્તાવેજ ઉપલબ્ધ ન હોય તો, ઉંમરના પુરાવાના સમર્થન માટે અરજદારે કોઇ અન્ય દસ્તાવેજ જોડવો અને ફોર્મના એકરાર ભાગમાં વિગત ૭ (ii) અને અને વિગત ૭ (iv)માં તે દસ્તાવેજનો ઉલ્લેખ કરવાનો રહેશે. આવા કિસ્સાઓમાં, અરજદારે મતદાર નોંધણી અધિકારી કે દસ્તાવેજની ખરાઇ માટે મતદાર નોંધણી અધિકારીએ પદનામિત કરેલા અધિકારી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

૭. મુદ્દો ૮ (હાલનું સામાન્ય રહેઠાણ) :
* (ક) સામાન્ય રહેઠાણના પુરાવા તરીકે ઉલ્લેખ કરેલા દસ્તાવેજો પૈકી અરજદાર / માતા–પિતા / પતિ કે પત્નીના નામના રહેઠાણના કોઇ એક દસ્તાવેજની સ્વયં પ્રમાણિત કરેલી એક નકલ સહિત પિન કૉડ સાથેનાં સંપૂર્ણ પોસ્ટલ સરનામાની વિગતો આપવાની રહેશે.
(ખ) જેઓની પાસે સામાન્ય રહેઠાણનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય એવા છાપરા / ફૂટપાથ પર જીવતા ઘર–વિહોણા ભારતીય નાગરિકો અને સેક્સ વર્કર્સના કિસ્સામાં જો તેઓ નામ–નોંધણી માટે અન્યથા પાત્રતા ધરાવતા હોય તો, જરૂરી ક્ષેત્રીય ખરાઇ (ફિલ્ડ વેરીફિકેશન) કરવામાં આવશે.
(ગ) નામ–નોંધણી માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ તેઓના માતા–પિતા જ્યાં વસવાટ કરતા હોય એ સ્થળેથી અથવા જ્યાં તેઓ સામાન્ય વસવાટ કરતા હોય એ છાત્રાલય / મેસના સ્થળેથી નામ–નોંધણી કરાવી શકશે.

૮. * એકરારનામું : "એકરારનામું" ભાગમાં તમામ વિગતો તમામ પ્રકારે પૂર્ણ કરવાની રહેશે.
કૃપા કરીને ધ્યાન રાખો કે, એકરારનામા ભાગમાં કોઇ પણ ખોટું નિવેદન આપવું એ લોક–પ્રતિનિધિત્ત્વનો અધિનિયમ, ૧૯૫૦ (૧૯૫૦ નો ૪૩ મો)ની કલમ ૩૧ હેઠળ એક વર્ષ સુધી લંબાવાઇ શકે એટલી મુદતની કેદ કે દંડ કે બન્નેનો સજાપાત્ર ગુનો છે.